# હાર્દિક પટેલ આવતીકાલે ભાજપમાં જોડાશે

અમદાવાદ, તા.૩૧

કોંગ્રેસ પાર્ટીથી નારાજ થયેલા નેતા હાર્દિક પટેલ અંતે ૨ જૂનના રોજ ભાજપમાં જોડાશે. કમલમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની હાજરીમાં હાર્દિક ભાજપમાં જોડાશે.

અનેક અટકળો અને ગત સપ્તાહના હાર્દિકના એક ટીવી ચેનલના ઈન્ટરવ્યુના ભાજપમાં જોડાવાના સંકેત બાદ આજે મળતી માહિતી અનુસાર હાર્દિક પટેલ અંતે ૨જી જુનના રોજ કેસરિયો ધારણ કરશે.

પાટીદાર આંદોલનથી રાજયના રાજકારણમાં મોટી ભૂમિકાએ પહોંચનાર અને થોડા



દિવસ પહેલા જ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષપદેથી રાજીનામું આપનાર હાર્દિક પટેલે અંતે જાહેર કર્યું છે કે પોતે કઈ રાજકીય પાર્ટીમાં જોડાશે.

રાજીનામાં બાદ પત્રકાર પરિષદમાં હાર્દિક પટેલે ક્યા પક્ષમાં જોડાવું એ અંગે કોઈ ફોડ પડ્યો હતો નહી. ગત સપ્તાહે એક ટીવી ચેનલની મુલાકાત દરમિયાન ૨૯ વર્ષીય રાજકીય નેતાએ સંકેત આપ્યો હતો કે પોતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાશે. જોકે, આ અંગે ચેનલ તરફથી કે પટેલ નેતા તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી પરંતુ મળતી માહિતી અનુસાર હાર્દિકના ભાજપમાં પ્રવેશને લીલીઝંડી મળી ચૂકી છે અને ગુરૂવારે ભાજપમાં જોડાશે.ઈન્ટરવ્યુમાં હાર્દિકે ચૂંટણી લડવા માટેની પણ સહમતિ દર્શાવતા કહ્યું હતુ કે જો ભાજપ નક્કી કરશે તો ચુટણી લડવા પણ તૈયાર છું. એવો પણ દાવો થઈ રહ્યો છે કે હાર્દિક આગામી દિવસોમાં સોમનાથથી ગુજરાતમાં એકતા યાત્રા શરુ કરે એવી શક્યતા છે. આ યાત્રા થકી તે સમગ્ર ગુજરાતમાં વિવિધ લોકોને સાથે જોડવા માગી રહ્યો છે.

હાર્દિક પટેલે બીજી બે મહત્વની વાત કરી છે. એક, એણે જણાવ્યું હતું કે જે રીતે ગુજરાતમાં સરકારી નોકરીઓના પેપર લીક થાય છે તેની સામે રાજ્ય સરકારે ખાસ કાયદો ઘડવો જોઈએ. બીજું એણે એવું નિવેદન આપ્યું હતું કે ૨૦૧૫માં અમદાવાદ ખાતે પોતાની અનામત આંદોલનની રેલી બાદ રાજ્યભરમાં ફાટી નીકળેલા તોફાનોમાં સરકારી બસ અને અન્ય સ્થળોએ આગઝની અને અન્ય તોડફોડ કે હુમલા માટે જે લોકો સામે કેસ થયા છે તે પરત ખેચવા જોઈએ નહી.

ગુજરાત રાજયમાં વિધાનસભાની ચુંટણીઓ આ વર્ષના અંતે યોજાવાની છે ત્યારે પાટીદાર સમુદાયને કોઈપણ પ્રકારની નારાજગી હોય તે દૂર કરવા માટે સત્તાધારી ભાજપ તમામ પ્રયત્ન કરી રહ્યું છે. શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે એક હોસ્પિટલમાં ઉદ્દઘાટન માટે આવી રહ્યા છે ત્યારે આ કાર્યક્રમમાં પાટીદાર સમુદાયના શકિત પ્રદર્શન માટે તમામ કવાયત હાથ ધરવામાં આવી છે. પ્રદેશ નેતાગીરી ગુજરાત રાજયમાં ખોડલધામ અને ઉમિયાધામના ટ્રસ્ટીઓ સાથે સંપર્કમાં છે અને બન્ને પાટીદાર સમુદાયના ટોચના અગ્રણીઓ વડાપ્રધાનના કાર્યક્રમમાં હાજર રહે તે માટે તમામ પ્રયત્ન ચાલી રહ્યા છે.

# ખેડૂતોને વ્યાજ સબસિડીની રકમ સત્વરે ચુકવો : આપ

ગાંધીનગર, તા. ૩૧

ખેડૂતોને આપવામાં આવતી રૂ.૩ લાખ સુધીની પાક ધિરાણ લોન શૂન્ય ટકા વ્યાજે આપવાની સરકારની યોજના હોવા છતા રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા ખેડુતો પાસેથી દર વર્ષે ૭ ટકા લેખે વ્યાજ વસુલવામાં આવે છે તેવા આક્ષેપ સાથે ગાંધીનગર જિલ્લા આમ આદમી પાર્ટીના કિસાન સંગઠન

**રૂ.૩ લાખ સુધીની પાક ધિરાણ લોન શૂન્ય ટકા વ્યાજે આપવાની યોજના હોવા છતાં ૭ ટકા વ્યાજ વસુલતી બેંકો : વાવણીની સીઝન હોવાથી જો ૧૦ દિવસમાં સબસિડીની રકમ જમા નહીં અપાય તો આંદોલનની ચિમકી**

દ્વારા મુખ્યમંત્રી તેમજ રાજ્યના કૃષિ મંત્રીને વ્યાજ સબસિડીની રકમ ખેડૂતોના ખાતામાં જમા આપવા આજે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ અંગે અગાઉ પણ આમ આદમી પાર્ટીના કિસાન સંગઠન દ્વારા ગત માર્ચ માસમાં જિલ્લા કલેક્ટર કચેરીએ રજૂઆત કરવામાં આવી ચુકી હતી પરંતુ તે અંગે કોઈ પગલા લેવામાં આવતા આજે મુખ્યમંત્રી કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. અત્યારે રાજ્યભરમાં ચોમાસું બેસવાની ઘડીઓ ગણાઈ રહી છે જેને પગલે ખેતરોમાં વાવણીની સિઝન ચાલી રહી છે, આ સમયે ખેડૂતોને ખાતર, બિયારણ, દવા અને મોંઘુ ડીઝલ ખરીદવા પૈસાની તાતી જરૂરિયાત હોય છે જ્યારે ગુજરાત સરકાર દ્વારા છેલ્લા બે વર્ષથી વ્યાજ સબસિડીની રકમ જમા આપવામાં આવી નથી જેના કારણે ખેડુતોના નાણાં ફસાયેલા છે જે સરકારે સત્વરે ચુકવી દેવા જોઈએ તેવી રજુઆત આમ આદમી પાર્ટીના કિસાન સંગઠનના નેતા જય વાઘેલા દ્વારા રજુઆત કરવામાં આવી હતી. તેમના જણાવ્યા અનુસાર બેંક અધિકારીઓ દ્વારા રાજ્ય સરકારે બેંકોને વ્યાજની રકમ ચૂકવી નથી એટલે તમે ખેડુતોને આપી શકે નહીં તેવો જવાબ આપવામાં આવે છે. આ સાથે તેમણે જો દસ દિવસમાં ખેડૂતોના ખાતામાં વ્યાજ સબસિડીની રકમ ચૂકવી દેવામાં નહીં આવે તો આમ આદમી પાર્ટી દ્વારા રાજ્યવ્યાપી આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## અનિયમિત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યુ છે. સેકટરોમાં કચરો એકત્રિત કરવા આવતા સફાઈ કામદારોને સ્થાનિકોએ આ અંગે પુછતા તેમણે પણ આ અંગે તેમની ફરિયાદો અને અસંતોષ રજુ કર્યો હતો. શહેરને સ્માર્ટ અને સુંદર બનાવાની સોહામણી વાતોના અંતે પણ નગરમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવા માટે પુરતો મેન પાવર અને મશીનરી ફાળવામાં આવતા નથી. વિકાસના નતનવા કામો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. જયારે નગરને સ્વચ્છ અને સુંદર રાખવાની મુળભુત જરૂરિયાત પ્રત્યે જ કોર્પોરેશનનુ તંત્ર ધ્યાન આપતુ ન હોવાનો રોષ પણ સેકટરવાસીઓ ઠાલવી રહ્યા છે. આ ઉપરાંત સેકટરોમાં મુકવામાં આવેલી કચરાપેટીઓ પણ નિયમિત રીત સાફ થતી નથી અલબત્ત સેકટરોમાં કચરો નાંખવા માટે મુકવામાં આવેલી કચરાપેટીમાંથી પણ નિયમતિ રીતે કચરો ઉપાડવામાં આવતો નથી જેના લીધે કચરાના કન્ટેઈનરો જ ઉકરડાનુ ઉદભવ સ્થાન બન્યા છે.

સેકટરોમાં શેરી સફાઈની વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ છે. સફાઈના મામલે વી વી આઈ પી વિસ્તાર તરફ જ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવતુ હોવાનો રોષ અનેકવાર ઉઠવા પામ્યો છે. જયારે સેકટરોમાં શેરી સફાઈ હવે જાણે વારે તહેવારે પણ માંડ થાય છે. આ મામલે પણ સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા ટુંક સમયમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવશે સેકટરોમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની કામગીરી નિયમિત રીતે થાય તે મામલે પણ સ્થાનિકોએ પ્રબળ માંગ કરી છે.

## માટીના થર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોય તેવી સ્થિતિ છે. ડામર પથરાયેલો હોવાના લીધે હાલમાં પણ લાઈનો સફાઈના અભાવે બંધ હાલતમાં છે. શહેરના ગ અને ખ માર્ગ ઉપર પણ આવી જ સ્થિતિ છે. સ્થાનિક કોર્પોરેટર કક્ષાએથી પણ આ અંગે રજુઆત કરવામાં આવી હોવાછતા હજુ સુધી કોઈ આયોજન કરાયુ નથી. વરસાદી પાણીના નિકાલ માટે ગટર લાઈનના ઢાંકણો પરથી ડામરની સફાઈ તેમજ લાઈનની પણ યોગ્ય સફાઈ કરવા માટે રજુઆતમાં જણાંવાયુ છે. વરસાદી દિવસોને અનુલક્ષી શહેરમાં પ્રિમોન્સુન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં સેકટરોની વરસાદી પાણીની લાઈનની સફાઈ તેમજ સરકારી આવાસોના ધાબાની સફાઈ સહીતનુ કામ હાથ ધરવામાં આવનાર છે. ત્યારે માર્ગ સુધારણા અને પાણીની નવી લાઈન નાંખવાની યોજના અન્વયે જે વિસ્તારમાં લાઈન ચોક અપ થઈ ગઈ હોય તેને ધ્યાને લઈ તંત્રએ અભ્યાસના અંતે વરસાદી પાણીના નિકાલની લાઈન ખુલ્લી કરવા માટે યોગ્ય કામગીરી હાથ ધરવી જોઈએ તેવી પણ પ્રબળ માંગ ઉઠી છે.

# ગ્રામ્ય વિસ્તારમાં મિલકત વેરાના બિલોમાં મિલકતધારકોના નામમાં અનેક છબરડા

**અત્યાર સુધી ગ્રામ પંચાયતના ચોપડે અત્યાર સુધી ગ્રામ પંચાયતના ચોપડે સાચા નામ હતા પરંતુ મનપાના ચોપડે ચડતાં જ નામ બદલાઈ ગયાં : નામમાં ગોટાળાં આવતા મિલકતધારકો મ્યુનિસિપલ કચેરીએ દોડતાં થઈ ગયા**

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર મહાનગર પાલિકામાં નવા સીમાંકનમાં ભેળવાયેલા ૧૮ ગામો સહિતના ગ્રામ્ય વિસ્તારમાં મિલકત વેરાના બિલો મોકલવામાં આવ્યા છે. આ મિલ્કત વેરા બિલોમાં મિલકત ધારકોના નામમાં અસંખ્ય ગોટાળા સાથે છબરડાંની ફરિયાદો આવી રહી છે જેને પગલે મિલકતધારકો મ્યુનિસિપલ કચેરીએ દોડતાં થઈ ગયા છે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કતવેરાની ઉઘરાણી માટે અગાઉ કરેલા સર્વે અનુસાર મિલકતધારકોને વેરા બિલો મોકલવામાં આવ્યા છે. મિલ્કત ધારકોને જે વેરા બિલો મોકલવામાં આવે છે તેમાં મિલ્કતધારકોને નામમાં અસંખ્ય ગોટાળા હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી રહી છે. કેટલાંક કિસ્સામાં તો મિલ્કતધારક કરતાં અન્ય કોઈ વ્યક્તિ કે કુટુંબના વ્યક્તિનું નામ છપાઈને આવ્યું છે જેનું નામ ખરેખર મિલ્કત ધારક તરીકે મિલ્કતના દસ્તાવેજમાં નથી. કેટલાક કિસ્સામાં તો મિલકતધારકનું હુલામણું નામ છે

**હવે નામ સુધારવા મનપામાં અરજી આપવી પડશે**

ગ્રામ્ય વિસ્તારોમાં વેરા બિલમાં મિલકતધારકોના નામ છબરડાં આવતાં જુની ગ્રામ પંચાયત કચેરી કે મહાનગરપાલિકાએ જ્યાં વેરા ઉઘરાવવામાં આવે છે ત્યાં પહોંચી અને રજુઆત કરતા મિલકતધારકોને નામ સુધારવા માટે અરજી મહાનગરપાલિકાએ જ્યાં વેરા ઉઘરાવવામાં આવે છે ત્યાં પહોંચી અને રજુઆત કરતા મિલકતધારકોને નામ સુધારવા માટે લેખિત અરજી આપો જણાઈ રહ્યું છે જેની સાથે મિલકતની ઈન્ડેક્સ કોપી તેમજ મિલ્કત ધારકના આધારકાર્ડનો પુરાવો જોડવાનો રહેશે આપો જણાઈ રહ્યું છે જેની સાથે મિલકતની ઈન્ડેક્સ કોપી તેમજ મિલકત ધારકના આધારકાર્ડનો પુરાવો પણ જોડવાનો રહેશે. જોકે ગ્રામ્ય વિસ્તારના મિલ્કત ધારકોને આશ્ચર્ય થઈ રહ્યું છે કે અગાઉ ગ્રામ પંચાયતમાં જેઓ મિલ્કત વેરો ભરતા હતા તેમ ચોપડે જે નામ છે જોકે ગ્રામ્ય વિસ્તારના મિલ્કત ધારકોનું માનવું છે કે અગાઉ ગ્રામ પંચાયતમાં જેઓ મિલ્કત વેરો ભરતા હતા તેમાં ચોપડે જે નામ બોલે છે તે જ નામ મનપાના રજિસ્ટર્ડમાં ટ્રાન્સફર કરાયાં હોત તો આ સ્થિતિ સર્જાઈ ના હોત.

જે હકીકતમાં દસ્તાવેજમાં નથી હોતું પરંતુ કેટલાક કિસ્સામાં તો મિલકતધારકનું જે હકીકતમાં તેમાના દસ્તાવેજમાં નથી પરંતુ નજીકના સ્નેહીજનો જે નામે ઓળખતાં હોય તેવું હુલામણું નામ વેરા બિલમાં છપાઈને આવ્યું છે જેના કારણે મિલ્કતધારકોને પણ આશ્ચર્ય થઈ રહ્યું છે જેના કારણે મિલ્કતધારકોને પણ આશ્ચર્ય થઈ રહ્યું છે.

જોકે આ પ્રકારની સમસ્યાઓ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર જોકે આ પ્રકારની સમસ્યાઓ થવા અંગે પ્રાપ્ત માહિતી અનુસાર જ્યારે મનપા દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જ્યારે મનપા દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતની આકારણી માટે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો તેની સમય મર્યાદા ઓછી હોવાથી સર્વે કરનાર કર્મચારીઓએ ઉતમ તેની સમય મર્યાદા ઓછી હોવાથી સર્વે કરનાર એજન્સીના કર્મચારીઓએ ઉતાવળમાં કામ કરવું પડ્યું હતું અને સર્વે દરમ્યાન મિલકતધારક જ્યારે મકાન પર વિગત લેવા પહોંચ્યા હોય ત્યારે હાજર ન હોય સર્વે દરમ્યાન મિલકતધારક જ્યારે મકાન પર વિગત લેવા પહોંચ્યા હોય ત્યારે હાજર ન હોય કે ઘર બંધ હોય તેવી સ્થિતિમાં આસપાસના વ્યક્તિઓને પૂછીને નામ લખી લેવામાં આવ્યુ હતુ જેના કારણે આવા ગોટાળા સર્જાયા હોવાની શક્યતા છે ઘર બંધ હોય તેવી સ્થિતિમાં આસપાસના વ્યક્તિઓને પૂછીને નામ લખી લેવામાં આવ્યુ હતુ જેના કારણે આવા ગોટાળા સર્જાયા હોવાની શક્યતા છે.


**વેચવાનુ છે**

બ્લોક નં બી-૪૦૫ લાભ રેસીડેન્સી વાવોલ ૩-બીએચકે વેચવાનુ છે.

સંપર્ક નં. ૯૪૦૯૪૦૭૮૧૨


**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**

**વર્ષ-૨૦૨૨-૨૩**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૫૨/૨૦૨૧-૨૨ | Construction of Shelter Home of 404 Bedded Dormitory for Urban Homeless at FP-304 for GMC at Gandhinagar (3rd trial) | રૂ. ૬૦૦૦/- | રૂ. ૪,૨૬,૮૬૬/- |

ટેન્ડર ફોર્મ તા. ૨/૬/૨૦૨૨ થી તા. ૨૨/૬/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૨૩/૬/૨૦૨૨ થી તા. ૩૦/૬/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૧/૭/૨૦૨૨ના રોજ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૪૭૬/૨૨-૨૩

**રાજ્ય સરકાર દ્વારા જનહિતમાં જારી...**

# રાજ્યમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલ મૃતકના વારસદારોને રૂ.૫૦,૦૦૦ની સહાય જોગ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, રાજ્યમાં કોવિડ-૧૯ થી મૃત્યુ પામેલના વારસદારોને ભારત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારની માર્ગદર્શિકા અનુસાર રૂ. ૫૦,૦૦૦/ની સહાય (Ex-gratia assistance) આપવાનું ઠરાવેલ છે. જે અન્વયે આવા કોવિડ-૧૯થી મૃતકના વારસદારોને ઘરેબેઠા ઝડપી અને સરળતાથી સહાય મળી રહે તે માટે મોબાઈલ ફ્રેન્ડલી ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે.

www.iora.gujarat.gov.in પોર્ટલના હોમપેજ ઉપર Covid-19 Ex-gratia payment પર ક્લિક કરવાથી આ મુજબની www.iora.gujarat.gov.in/Cov19_login.aspx લિંક પરથી ઓનલાઈન અરજી કરી શકાશે.

આ પોર્ટલ ઉપર મોબાઇલ/કોમ્પ્યુટરથી OTP જનરેટ કરી નીચે મુજબના કોઈ પણ એક પુરાવો અપલોડ કરી અરજી કરવાની રહેશે.

- RT-PCR
- રેપીડ એન્ટીજન
- મોલેક્યુલર ટેસ્ટ
- કોવિડ-૧૯ની તબીબી સારવાર/ નિદાનના આધારની નકલ
- ફોર્મ-૪ / ફોર્મ-૪-A

આ સિવાય નીચે મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે.

- મૃતકના મરણ પ્રમાણપત્રની નકલ
- વારસદારોનું સોગંધનામુ
- સહાય મેળવનાર વારસદારની બેંક પાસબુક/ક્રોસ ચેકની નકલ

આ સિવાય, સબંધિત મામલતદાર કચેરી કે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રૂબરૂ(ઓફલાઇન) અરજી પહોંચાડીને પણ અરજી કરી શકાશે.

અરજદાર/મૃતકના વારસદારને જો અરજીના નિર્ણય સામે વાંધો કે ફરીયાદ હોય તો નીચે જણાવ્યા મુજબની ગ્રીવન્સ રી-ડ્રેસલ સમિતિમાં ઓનલાઈન www.iora.gujarat.gov.in પોર્ટલ ઉપર અથવા રૂબરૂ કલેકટર કચેરી/મહાનગરપાલિકા કચેરીમાં અરજી કરી શકાશે.

**-: મહાનગરપાલિકા વિસ્તાર માટે :-**

- નાયબ મ્યુનિસીપલ કમિશનર(હેલ્થ) (અધ્યક્ષ)
- મુખ્ય જિલ્લા મેડીકલ ઓફીસર (CDMO)
- હેલ્થ ઓફીસર(MOH) સંબંધિત મહાનગરપાલિકા (સભ્ય સચિવ)
- ફિઝીશીયન (જિલ્લા હોસ્પિટલ,મેડીકલ કોલેજ)
- પ્રોફેસર, કોમ્યુનિટી મેડિસીન (સંલગ્ન કોલેજ)

**-: મહાનગરપાલિકા સિવાયના વિસ્તાર માટે :-**

- નિવાસી અધિક કલેક્ટર (RAC) (અધ્યક્ષ)
- મુખ્ય જિલ્લા મેડીકલ ઓફીસર (CDMO)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO) (સભ્ય સચિવ)
- ફિઝીશીયન (જિલ્લા હોસ્પિટલ/મેડીકલ કોલેજ)
- પ્રોફેસર, કોમ્યુનિટી મેડિસીન (સંલગ્ન કોલેજ)

આ સિવાય પોર્ટલ સંબંધિત ઓનલાઇન અરજી કરવા બાબતે જરૂરી માર્ગદર્શન મેળવવા સારૂ હેલ્પલાઇન નં. ૧૦૭૭ અને સ્ટેટ કંટ્રોલરૂમ નં. ૦૭૯-૨૩૨૫૧૯૦૦ ઉપર સંપર્ક કરી શકાશે.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર**

# રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૫૦ કરોડ જનસંખ્યાને જુન-૨૦૨૨ મહિનાના રાહતદરના નિયમિત વિતરણ તથા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" ના વિનામૂલ્યે વિતરણ સબંધિત અગત્યની જાણકારી

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ જુન મહિનાનું નિયમિત વિતરણ તા.૦૧.૦૬.૨૦૨૨ થી શરૂ કરવામાં આવશે.

NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને મળવાપાત્ર ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ અને મીઠાના જથ્થાની વિગત નીચે મુજબ છે

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૫ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૫૦.૦૦ |
| ૬ | આયોડાઈઝ મીઠું | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૧.૦૦ |
| ૭ | ખાંડ નિયમિત | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૮ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૯ | કેરોસીન | કેરોસીન પાત્રતા ધરાવતા અંત્યોદય અને બીપીએલ કાર્ડધારકો | વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર) |

**"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"**

રાજ્યના તમામ 33 જિલ્લાઓ તથા અમદાવાદ શહેરમાં NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. ઘઉં અને ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજનું વિનામૂલ્યે વિતરણ તા.૧૬.૦૬.૨૦૨૨ ના રોજ શરૂ કરવામાં આવશે



| ક્રમ | કેટેગરી | આવશ્યક ચીજવસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા | વિનામૂલ્યે |

**વન નેશન, વન રેશનકાર્ડ યોજના**

ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ કોઈપણ વાજબી ભાવની દુકાનેથી પોતાના કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અન્ન પુરવઠો મેળવી શકશે

MY RATION Mobile Application

દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.